# રાજકોટ મહાનગરપાલિકા
# બગીચા શાખા
# ઈ-ટેન્ડર નં.રા.મ.ન.પા./બગીચા/૨૦૨૨-૨૦૨3

**આજીડેમ ખાતે નવનિર્મિત “ અર્બન ફોરેસ્ટ ” (રામવન)ખાતે, ફુડ કોર્ટ સંચાલન માટે રેઇટ કોન્ટ્રેકટ કરવાનું કામ**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) | **રૂા. ૧૧૨૫/-(પ્રતિ ફૂડકોર્ટ)** |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | **રૂા.૭૫૦૦૦/- (પ્રતિ ફૂડકોર્ટ)** |
| 3 | ઈ-ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા.૦૫/૦૪/૨૦૨3 (www.nprocure.com) |
| ૪ | ઈ-ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખ | તા.૦૫/૦૪/૨૦૨3, ૧૮.૦૦ કલાક સુધી |
| ૫ | ટેન્ડર (ટેન્ડર ફી, અર્નેસ્ટમની, અનુભવના પ્રમાણપત્ર તથા અન્ય ટેન્ડરમાં માંગવામાં આવેલ તમામ નોટરાઈઝ ડોક્યુમેન્ટ) મોકલવાની વિગત | સીલબંધ કવરમાં ફકત પોસ્ટ/રજી. એડી મારફત તા.૧૦/૦૪/૨૦૨3, ૧૮.૦૦ કલાક સુધીમાં **ડાયરેકટરશ્રી(પાર્કસ & ગાર્ડન), ડો.આંબેડકર ભવન, બગીચા શાખા, બીજો માળ,વીંગ-૧ બી, સેન્ટ્રલ ઝોન, ઢેબર રોડ,રાજકોટ-3૬૦૦૦૧**, ખાતે મોકલાવવાનું રહેશે. |
| ૬ | પ્રિબીડ મીટીંગની તારીખ | તા.૨૪/૦3/૨૦૨3 , ૧૨.૦૦કલાક |
| ૭ | ફીઝીકલ વેરીફીકેશન ઓફ ટેકનીકલ બીડ ડોક્યુમેન્ટ | તા.૧૧/૦૪/૨૦૨3 , ૧૨.૦૦કલાક |
| ૮ | ટેકનીકલ બીડ ડોક્યુમેન્ટ ખોલવાની તારીખ | તા.૧૨/૦૪/૨૦૨3 , ૧૨.૦૦ કલાક |
| ૯ | પ્રાઈઝબીડ ખોલવાની તારીખ | તા.૧૨/૦૪/૨૦૨3 , ૧૨.૦૦ કલાક |
| | વધુ જાણકારી માટે અમારો સંપર્ક કરવો.<br>**એલ.જે.ચૌહાણ , ડાયરેકટરશ્રી(પાર્કસ & ગાર્ડન), મો. ૯૬૨૪૭૮૮૨૨૯** | |

ડાયરેકટરશ્રી (પાર્કસ & ગાર્ડન),
રાજકોટ મહાનગરપાલિકા,
રાજકોટ.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | ટેન્ડરની શરતો | ૦૩-૦૭ |
| ૨ | બીડરની વિગત | ૦૮ |
| ૩ | અનુભવની વિગત | ૦૯ |
| ૪ | પ્રાઈઝબીડ | ૧૦ |

# આજીડેમ ખાતે નવનિર્મિત “ અર્બન ફોરેસ્ટ ” (રામવન)ખાતે, ફુડ કોર્ટ સંચાલન માટે રેઇટ કોન્ટ્રેકટ કરવાનું ટેન્ડર

## <u>સામાન્ય શરતો :-</u>

1) બીડરે ટેન્ડર ફી પેટે રૂ.૧૧૨૫/- (અંકે રૂપિયા એક હજાર એકસો પચીસ પુરા) (પ્રતિ ફૂડકોર્ટ) નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ / ચેક “ રાજકોટ મહાનગરપાલિકા ” (Rajkot Municipal Corporation) Payable at Rajkotના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

2) બીડરે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે (પ્રતિ ફૂડકોર્ટ) રૂ.૭૫૦૦૦/-(અંકે રૂપિયા પંચોતેર હજાર પુરાનો દરેક ફૂડકોર્ટ માટે અલગ અલગ ડી.ડી. રાખવાનો રહેશે. નેશનલાઇઝડ/ શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ / ચેક “રાજકોટ મહાનગરપાલિકા” (Rajkot Municipal Corporation) Payable at Rajkotના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

3) ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટ ભર્યા વગરના ટેન્ડર ધ્યાન પર લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.

4) જે બીડરનું ટેન્ડર મંજુર થશે, તેમના અર્નેસ્ટમની ડીપોઝીટના નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમની માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.

5) ભાગીદારીમાં ટેન્ડર ભરનારે ભાગીદારીનું સર્ટીફીકેટ રજું કરવાનું રહેશે. જો તેઓનું ટેન્ડર મંજુર થાય તો ભાગીદારો અથવા કોઇ પણ એક ભાગીદારને કમિશ્નરશ્રી,રામનપા જવાબદાર ગણી શકશે. તેમજ ટેન્ડરની શરતોનો ભંગ થયે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી શકાશે.

6) સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતના ઉંમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે. જે રજુ કરવાનું રહેશે.

7) બિડરે રૂ.૧,૦૦,૦૦૦.૦૦ (એક લાખ પુરા) ની સિકયોરીટી ડીપોઝીટની રકમ પ્રતિ ફૂડકોર્ટ દીઠ રોકડેથી હિસાબી શાખા રાજકોટ મહાનગરપાલિકામાં જમા કરાવી તેની ઓરીજનલ પહોંચ રજુ કરવાની રહેશે અથવા બિડર દ્વારા એફ..ડી.આર.ના કિસ્સામાં રાજકોટ ખાતેની નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકની રાજકોટ મહાનગરપાલિકાના નામની એફ..ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાડી તેના પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી બગીચા શાખામાં નિયત સમયમાં રજુ કરવાની રહેશે.

8) ટેકનીકલ બીડમાં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ, ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડીપોઝીટની ફી રજુ કરેલ હશે એ જ પાર્ટીઓની પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે.

9) કામ રાખનારે સિકયોરીટી ડીપોઝીટના ૪.૯૦% પ્રમાણેના સ્ટેમ્પ પેપર પર નિયત સમયમર્યાદામાં કરારનામું કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોંધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડયુટીમાં ફેરફાર થશે તો તે આપો આપ બિડરને લાગુ પડશે.

10) બિડર નિયત સમયમાં કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો બિડરની અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ કોઇપણ અન્ય કોન્ટ્રાકટરને H-1 ના ભાવે આપી શકશે.

11) સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ ઇન્કમટેક્ષ, જીએસટી તેમજ અન્ય તમામ ટેક્ષની રકમ નિયમાનુસાર કોન્ટ્રાકટરે ભરવાની રહેશે.

12) બિડરે ટેન્ડરમાં દર્શાવેલ તમામ વિગત ભરી દરેક પેઇઝ પર સહી કરવાની રહેશે.

13) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કોઇ પણ જાતનું કારણ દર્શાવ્યા વગર ટેન્ડર રદ કરી શકશે.

14) આ કરાર અંગે કોઇ વાદવિવાદ ઉપસ્થિત થશે તો,તે ફકત રાજકોટ જયુરીડીકશનમાં ચાલી શકશે.

15) પ્રાઇઝબીડ ખોલ્યા બાદ ટેન્ડર ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે.

16) ઇજારાની કોઇ પણ એક શરતના ભંગ બદલ રૂ.૫૦૦/-થી રૂ.૫૦૦૦/- સુધીનો દંડ જવાબદાર અધિકારી (ડાયરેક્ટર પી&જી) કરી શકશે. તે પ્રમાણેની રકમ બિડરે રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાની રહેશે.

17) ટેન્ડર સંબંધી કોઇ વાંધો હોય તો, બીડરે પ્રીબીડ પહેલા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે. આ બાબતે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

18) બિડરનું કામ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયે બિડર દ્વારા સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

19) આ કામ સંબંધે કોઇ શરતોમાં સમાવેશ થતો ન હોય અથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઇ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય અંતિમ રહેશે. તે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે. સંજોગોવશાત જરૂરિયાત ઉપસ્થિત થાય તો કમિશ્નરશ્રી,રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ રદ કરી શકશે.

20) ટેન્ડર ભરનારે ટેકનીકલ બીડમાં રજુ કરેલ તમામ દસ્તાવેજો ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ કરી મોકલવાના રહેશે. બીડરે ટેન્ડર સાથે રજુ કરેલ સંબંધીત તમામ દસ્તાવેજોની મૂળ નકલની ખરાઇ કર્યા બાદ કોલીફાઈડ થતા એજન્સીઓના ટેન્ડરની પ્રાઇઝબીડ ખોલવામાં આવશે. બીડરે રજુ કરેલ કોઇ પણ દસ્તાવેજો ખોટા રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં એજન્સીને બ્લેકલીસ્ટ કરી, બીડર સામે ફોજદારી કાર્યવાહી કરવાના પગલા લેવામાં આવશે.

21) કોન્ટ્રાકટરે ભાવ બિનશરતી ભરવાના રહેશે. શરતી માંગણીના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

**<u>ખાસ શરતો :-</u>**

1) રાજકોટ અર્બન ફોરેસ્ટ ''રામવન'' ફુડ કોર્ટના સંચાલન માટેનો રેઇટ કોન્ટ્રાકટનો સમયગાળો ૦૨ (બે) વર્ષનો રહેશે. ટેન્ડરના નિયમો મુજબ જે એજન્સીના ભાવ સૌથી વધુ હશે તેના જ ભાવની મંજુરી અર્થે કાર્યવાહી કરવામાં આવશે.

2) વર્ક ઓર્ડર આપ્યા બાદ કોન્ટ્રાકટરે ફુડ કોર્ટ દિવસ-૧૫માં ચાલુ કરવાનુ રહેશે.

3) બિડરે પ્રાઇઝબીડમાં પ્રથમ વર્ષ માટેના રેઇટ કોન્ટ્રાકટના ભાવ ભરવાના રહેશે. પ્રથમ વર્ષના મંજુર થયેલ ભાવ બાદ દર વર્ષે અગાઉના વર્ષના ભાવ કરતા ૧૦%નો ભાવ વધારો ભરવાનો રહેશે.

4) બીડરે વર્કઓર્ડર મેળવતા સમયે પ્રથમ છ માસના એડવાન્સ ભાડાનો એક ચેક આપી બાકીના દોઢ વર્ષ , માટેના એડવાન્સમાં છમાસિક ડયુ ડેટના ૦૩ (ત્રણ) ચેક રાજકોટ મહાનગરપાલિકા ખાતે જમા કરાવવાના રહેશે.

5) ફુડ કોર્ટ માટે ફુડ લાયસન્સ કે અન્ય કોઇપણ પ્રકારના જરૂરી લાઈસન્સ વિગેરેની વખતો વખતની મંજુરી ટેન્ડર ભરનારે સ્વખર્ચે મેળવવાની રહેશે.

6) ફુડ કોર્ટમાં કામગીરી દરમિયાન કોઇ કર્મચારી કે ગ્રાહકને અકસ્માત, ઇજા કે મૃત્યુ થશે તો તેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકરની રહેશે. જે માટે રાજકોટ મહાનગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહી.

7) એજન્સીના કર્મચારીની ગફલત, બેદરકારી, અપ્રમાણીકતા વગેરેને લીધે ચોરી, ઉઠાંતરી કે અન્ય કોઇ પણ બનાવમાં રાજકોટ મહાનગરપાલિકાને આર્થિક કે અન્ય કોઇપણ પ્રકારનું નુકસાન થશે તો તે અંગેનું વળતર એજન્સીએ ભરપાઇ કરવાનું રહેશે.

8) કોન્ટ્રાકટરની કામગીરી સંતોષકારક નહી જણાયે સંબંધીત એજન્સી પાસેથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક અસરથી આ કામગીરી પરત લેવામાં આવશે અને આ કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. એજન્સી દ્વારા ભરવામાં આવેલ ભાડા પેટેની રકમ તથા સિકયોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ અન્ય એજન્સી કે સંસ્થાને આપી શકશે.

9) આ કામે કેન્દ્ર/રાજય સરકાર/રાજકોટ મહાનગરપાલિકા કે અન્ય કોઇ પણ સરકારી કચેરીઓમાં ભરપાઇ કરવાના થતા ટેક્ષ/વેરા/ડયુટી/રોયલ્ટી વિગેરેની તમામ રકમ એજન્સીએ ભરપાઇ રહેશે. આ અંગેનું કોઇપણ પ્રકારનું ખર્ચ રાજકોટ મહાનગરપાલિકા ભોગવશે નહી.

10) બીડરે ફુડ કોર્ટના સંચાલન માટે ભરેલ ભાવ ઉપર સરકારશ્રીના વખતો વખતના જીએસટીના દર (હાલ૧૮%) મુજબ ભાડા સાથે અલગથી રાજકોટ મહાનગરપાલિકામાં જમા કરવવાના રહેશે. તેમજ ભવિષ્યમાં લાગુ પડનાર તમામ પ્રકારના ટેક્ષ/ચાર્જીસ વિગેરે સંબંધીત એજન્સીએ ભરપાઇ કરવાના રહેશે.

11) ફુડ કોર્ટની અંદરનું ફર્નિચર કે જરૂરિયાતના સાધન-સામગ્રી જેવી કે ટેબલ, ખુરશી, રેફ્રિજરેટર, ઓવન, જરૂરી વાસણો વિગેરે કોન્ટ્રાકટરે સ્વખર્ચે વસાવવાના રહેશે.(ફૂડકોર્ટની બહારની બાજુ ખુરશી, ટેબલ બાકડા વ્યવસ્થા કરી શકશે નહીં.)

12) કોન્ટ્રાકટર દ્વારા વેંચવામાં આવતી ખાદ્ય સામગ્રી નિયત અને ઉચ્ચ ગુણવત્તાની હોવી જોઇએ. વાસી કે વિતિ ગયેલ તારીખવાળી ખાદ્ય સામગ્રી વેંચી શકાશે નહી. કોન્ટ્રાકટર માત્ર શાકાહારી ખોરાક જ વેંચી શકશે. માંસાહારી ખોરાક વેચી શકાશે નહી તેમજ રાખી શકાશે પણ નહી.

13) ફુડ કોર્ટમાં આલ્કોહોલીક પીણાનું વેચાણ કે સેવન કરી શકાશે નહી. સરકારશ્રી દ્વારા મનાઇ ફરમાવેલ કોઇ પણ ચીજવસ્તુનુ વેચાણ કરી શકાશે નહી.

14) ફુડ કોર્ટમાં સિકયુરીટી વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચ કરવાની રહેશે. રાજકોટ મહાનગરપાલિકા આ બાબતે કોઇપણ પ્રકારનું વળતર કે મહેનતાણુ ચુકવશે નહી. સમગ્ર ફુડ કોર્ટ વિસ્તારની સલામતીની જવાબદારી કોન્ટ્રાકટરની પોતાની રહેશે.

15) જો કોઇ પ્રસંગોએ કોન્ટ્રાકટર દ્વારા બનાવેલ/વેચેંલ ખાદ્ય પદાર્થ ખાવાથી કે પીવાથી કોઇ વ્યકિતને ફુડ પોઇઝનીંગ થાય કે અન્ય માંદગીનો ભોગ બને તો તેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની પોતાની રહેશે.



**બીડરની સહી**

16) ફૂડ કોર્ટ- કોન્ટ્રાક્ટરે તેઓને ફાળવવામાં આવેલ ફૂડ કોર્ટની જગ્યાનો જ ઉપયોગ કરવાનો રહેશે.

17) કોન્ટ્રાકટરને ફાળવેલ વિસ્તારની સફાઇ કોન્ટ્રાકટરે દૈનિક ઓછામાંઓછી બે વખત કરાવવાની રહેશે. ફુડ કોર્ટની આજુબાજુ ૨ મીટરમાં સફાઇ કરાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

18) ફુડ કોર્ટ ચલાવવાનો પરવાનો વર્ક ઓર્ડર મળ્યા તારીખથી ૦૨ વર્ષ માટેનો રહેશે. અનિવાર્ય સંજોગોમાં મુદત વધારવાની થાય તો કોન્ટ્રાકટરે એડવાન્સમાં અગાઉના વર્ષના ભાડાથી ૧૦% વધારે ભાડુ ચુકવવાનું રહેશે. મુદત વધારવા અંગેનો નિર્ણય કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.(મહતમ મુદત વધારો ૧ વર્ષ માટે આપી શકાશે.)

19) ફુડ કોર્ટની જગ્યા કયારેય પણ કોન્ટ્રાકટરની માલિકીની ગણાશે નહી. આ જગ્યાની સંપુર્ણ માલિકી રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.

20) ફૂડ કોર્ટની જગ્યામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ વીજ કનેક્શન આપવામાં આવેલ છે તેનો ઉપયોગ કોન્ટ્રાક્ટર કરી શકશે. કોન્ટ્રાક્ટરે પોતાની જરૂરિયાત મુજબ જરૂરી ફેરફાર અત્રેની લેખિત મંજૂરી મેળવી સ્વખર્ચે કરવાના રહેશે. આ માટેના પેટા મીટર સ્વખર્ચે મુકવાના રહેશે. ફૂડકોર્ટના વખતોવખતના વીજ બિલ કામ રાખનારે ચુકવવાના રહેશે.

21) ફુડ કોર્ટ ફકત રામવનના સમય થી ૧ કલાક પહેલા અને ૧ કલાક બાદ સુધી ખુલ્લુ રાખી શકાશે. ફુડ કોર્ટ સ્થળે કોન્ટ્રાકટરના સુરક્ષાકર્મી તથા કર્મચારી સિવાય કોઇ પણ વ્યકિત રાત્રી રોકાણ કરી શકશે નહી.

22) ફુડ કોર્ટનો કબજો લેતી વખતે ફુડ કોર્ટની અંદર અને આજુબાજુનો વિસ્તાર તપાસી ફોટોગ્રાફી કરી કોન્ટ્રાકટરે તેનો કબજો લેવાનો રહેશે. તેમજ જયારે કબજો પરત આપવાનો થાય ત્યારે મુળ સ્થિતિમાં પરત આપવાનો રહેશે.

23) ફુડ કોર્ટની સગવડ ફકત રાજકોટ રામવન ખાતે પધારતા મુલાકાતીઓની સગવડતા માટે હોય, આ સ્થળે કોઇ પણ સામાજીક કે ધાર્મિક પ્રસંગો જેવા કે લગ્ન પ્રસંગ, સગાઇ ફંકશન, બર્થડે પાર્ટી, હોમ હવન, વિગેરેનું આયોજન કરી શકાશે નહી. તેમજ ફુડકોર્ટ અંદર અને આજુબાજુનાં વિસ્તારમાં લાઉડ સ્પીકર કે ડી.જે. જેવી સાઉન્ડ સીસ્ટમ વગાડી શકાશે નહી.

24) કોન્ટ્રાકટરે રાજકોટ મહાનગરપાલિકાના વખતો વખતના નિયમો, સુચનોનું પાલન કરવાનું રહેશે.

ઉપર પ્રમાણેની તમામ શરતો અમો વાંચી, વંચાવી તથા સમજી આ ઇજારો રાખવા માટે ભાવ ભરીએ છીએ ઉકત તમામ શરતો મને અને મારા વંશ વારસોને મંજુર છે. જેના ખરાપણાની ખાત્રી બદલ મે નીચે સહિ કરી આપેલ છે.

 **બીડરની સહી**

<u>લાયકાતની વિગત :-</u>

**1)** બીડરે ટેન્ડર ફી પેટે (ફૂડકોર્ટ દીઠ) રૂા.૧૧૨૫/-નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ / ચેક "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે દરેક ફૂડકોર્ટ માટે અલગ અલગ ડી.ડી. સામેલ રાખવાનો રહેશે.

**2)** બીડરે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે (ફૂડકોર્ટ દીઠ) રૂા.૭૫૦૦૦/-નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ/ચેક "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

3) બિડરે આ પ્રકારની કામગીરી એટલે કે ફુડ કોર્ટ/રેસ્ટોરન્ટ/કાફેટેરીયા/કેન્ટીન/કિયોસ્ક સંચાલન કરવા અંગેનો કોઇ પણ સરકારી, અર્ધસરકારી સંસ્થા કે લીમીટેડ કંપનીમાં છેલ્લા સાત નાણાકીય વર્ષમાંથી ઓછામાં ઓછા એક વર્ષ સુધી સંતોષકારક રીતે સંચાલન કર્યા હોવાનું અનુભવનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે. **(આ અનુભવનું પ્રમાણપત્ર ત્રણેય ફૂડકોર્ટ માટે માન્ય રહેશે.)**

4) ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ અન્વયે લાયસન્સ / રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અને શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ ખાતાનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

5) કોન્ટ્રાકટરે ઓછામાં ઓછા રૂા.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરાની બેંક સોલવંશી સામેલ રાખવાની રહેશે. જે એક વર્ષથી જુની ન હોવી જોઇએ.

6) ટેન્ડર ભરનારે ઓછામાં ઓછુ રૂા.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરાનું ઓછામાં ઓછા ૨ વર્ષનું વાર્ષિક ટર્નઓવરનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે અથવા સીએનું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

**નાયબ કમિશનર**
**પૂર્વ ઝોન**
**રાજકોટ મહાનગરપાલિકા**

## બીડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | બીડરનું નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર તથા મોબાઇલ નં. | |
| | | | |
| ૨ | | રા.મ.ન.પા.એ કોન્ટ્રાકટ માટે જેની સાથે સંપર્ક કરવાનો થાય તેની માહિતી | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર/ઇમેલ | |
| | | | |
| 3 | | કોન્ટ્રાકટમાં સહી કરનારની વિગત | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર/ઇમેલ | |


**બીડરની સહી**

# રાજકોટ મહાનગરપાલિકા

## બગીચા શાખા

## -:: <u>બીડરના અનુભવની વિગત</u> ::-

અમો બીડરશ્રી ..............................................................રહેવાસી ............................ નીચે મુજબ ફુડ કોર્ટ/રેસ્ટોરન્ટ/કાફેટેરીયા/કેન્ટીન/કિયોસ્ક સંચાલન કામનો અનુભવ ધરાવીએ છીએ. જેની વિગત નીચે મજુબ છે.

| ક્રમ | ફુડ કોર્ટ/રેસ્ટોરન્ટ/કાફેટેરીયા/કેન્ટીન સંચાલન કરેલ સ્થળ તથા સરનામુ | સમય | નોંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

ઉપરોકત અનુભવના આધાર તરીકે ટેન્ડર સાથે અગાઉની કામગીરીના અનુભવના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ આ સાથે સામેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા



સહી

**બગીચા શાખા**

-:: પ્રાઇઝ બીડ::-

## આજીડેમ ખાતે નવનિર્મિત " અર્બન ફોરેસ્ટ " (રામવન)ખાતેના, ફુડ કોર્ટ સંચાલન કરવાનું કામ.

| ફુડ કોર્ટનું સ્થળ | ફુડકોર્ટનો અંદાજીત વિસ્તાર (ક્ષેત્રફળ) | ટેન્ડરની અપસેટ કિંમત (જીએસટી વગર) | ટેન્ડરરે ભરેલ વાર્ષિક ભાવ રૂા. (જીએસટી વગર) | |
|---|---|---|---|---|
| ૧. રામસેતુ પાસેનું ફૂડ કોર્ટ-૧ | ૧૦૦ ચો.ફૂટ | રૂા.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા | રૂા........................... | અંકે રૂપિયા .............. ............................... ................................ |
| ૨. સંજીવની પર્વત હનુમાનજી સ્ટેચ્યુ સામે ટોયલેટ બ્લોક નં.૨ પહેલાનું ફૂડ કોર્ટ-૨ | ૧૦૦ ચો.ફૂટ | રૂા.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા | રૂા........................... | અંકે રૂપિયા .............. ............................... ................................ |
| ૩. રામ-શબરી મિલન સ્ટેચ્યુઝની આગળ ફૂડ કોર્ટ-૩ | ૧૦૦ ચો.ફૂટ | રૂા.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા | રૂા........................... | અંકે રૂપિયા .............. ............................... ................................ |

**નોંધ :**

૧. કોન્ટ્રાકટરે ભરેલ ભાવ ઉપર સરકારશ્રીના નિયમ મુજબ જીએસટી દર (હાલના દર ૧૮%) મુજબ અલગથી ભરવાનો રહેશે.

**નાયબ કમિશ્નર**
**ઇસ્ટ ઝોન**
**રાજકોટ મહાનગરપાલિકા**



**બીડરની સહી**